# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# કોરોના મહામારી બાદ લોકોના માઈન્ડસેટ અને બિહેવીયરલ પેટર્નમાં સૌથી મોટો બદલાવ આવી ગયો છે : નિષ્ણાંત

## ચેમ્બર દ્વારા 'પીપલ આફટર પેન્ડેમિક' વિષય ઉપર વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨૧ જૂન ૨૦૨૧ના રોજ 'પીપલ આફટર પેન્ડેમિક' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે એચ.આર. કન્સલ્ટન્ટ સુપ્રિયા કાબરાએ મહત્વનું હેતુલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.

સુપ્રિયા કાબરાએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીને કારણે લોકોની જીવનશૈલીમાં ઘણો બદલાવ આવી ગયો છે. નાનાથી લઇને મોટા કર્મચારીઓ, ઉદ્યોગ સાહસિકો તેમજ ઉદ્યોગકારોને પણ હવે સર્વાઇવલની ચિંતા સતાવી રહી છે. કર્મચારીઓને રોજગારીની તેમજ ઉદ્યોગકારોને ઉદ્યોગ – ધંધા હવે પહેલાની જેમ વ્યવસ્થિત ચાલશે કે કેમ? તે અંગે વિચાર આવે છે. ઘણા વેપારીઓ અને ઉદ્યોગકારોએ બિઝનેસ મોડલ બદલી નાંખ્યા છે. ઓફિસ ટાઇમીગ ઓછી કરી નાંખી છે અને કેટલીક કંપનીઓએ સમય વધારી દીધો છે. સરકાર તથા ખાનગી કંપનીઓ દ્વારા પણ કેટલાક રૂલ્સ એન્ડ રેગ્યુલેશન બદલી નાંખવામાં આવ્યા છે.

જો કે, લોકોની વિચારવાની માનસિકતામાં સૌથી મોટો બદલાવ આવી ગયો છે. લોકોની બિહેવીયરલ પેટર્નમાં મેજર ચેન્જીસ આવ્યા છે. આથી હવે લોકોને ઓફિસમાં પોતાની ટીમને તથા લીડર્સને વ્યવસ્થિત જાણવા પડશે. પોતાના તથા અન્યો પ્રત્યેનું માઇન્ડ સેટ બદલવું પડશે. સાથે જ આજુબાજુનું વાતાવરણ અને કલ્ચરને સમજવું પડશે. એચ.આર. લીડર્સને કર્મચારીઓની ભાવનાઓને સમજવી પડશે. ગમે તેવી પરિસ્થિતિ આવે પણ

કર્મચારીઓને નોકરીમાંથી કાઢવામાં નહી આવશે તેવો વિશ્વાસ આપવો પડશે. કર્મચારીઓની કોઇ સમસ્યા છે તો તેને સાંભળવી પડશે અને તેઓને વર્ક પર્ફોમન્સને આધારે કામ કરવાની સ્વતંત્રતા આપવી પડશે.

ચેમ્બરની એચ.આર. એન્ડ ટ્રેનીગ કમિટીના સભ્ય પરીમલ શાહે વેબિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું.